ભારતીય ઉધમિતા સંસ્થા, ગાંધીનગર ખાતે
ગુજરાતના દિવ્યાંગજનોના સશક્તિકરણ અર્થે
કેન્દ્રની સ્થાપના અંગે કુલ રૂ.૬૬૦.૭૭ લાખ
ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૨૫૨૬૬૭/છ.૧
તારીખ:-૦૭/૧૧/૨૦૧૯.

વંચાણે લીધા:

(૧) નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૬/૦૫/૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/નવી બાબત/૨૦૧૯-૨૦/૧૧૧

(૨) નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૧૬.

(૩) નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા/અપગ/૨૦૧૯-૨૦/૩૩૧.

(૪) નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૭.૧૦.૨૦૧૯નો પત્ર નં.સસુખા/અપગ/૨૦૧૯-૨૦/૪૨૭.

આમુખ:-

સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભાએ ડિસેમ્બર- ૨૦૦૬માં દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેના સિદ્ધાંતો નક્કી કર્યા. જે ભારત રાષ્ટ્રએ ઓક્ટોબર-૨૦૦૭માં સ્વીકાર્યા અને વસ્તી ગણતરી, ૨૦૧૧ (Census 2011) અનુસાર કુલ-૭ પ્રકારની દિવ્યાંગતા મુજબ ગુજરાત રાજયમાં ૧૦,૯૨,૩૦૨ વ્યક્તિઓ દિવ્યાંગ છે, ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એકટ-૨૦૧૬ માં દિવ્યાંગતાના કુલ-૨૧ પ્રકાર છે જે મુજબ કુલ દિવ્યાંગ વ્યક્તિઓની સંખ્યામાં વધારો થવાની શકયતા રહેલી છે.

ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એકટ-૨૦૧૬ અન્વયે જુદા-જુદા વિભાગો દ્વારા કરવાની થતી કામગીરી, માહિતીનું આદાન-પ્રદાન, માહિતી એકઠી કરી તેનું પૃથક્કરણ કરવું અને સુગમ્ય ભારત અભિયાન અન્વયે કરવાની થતી કામગીરીનું સઘન મોનીટરીંગ કરવું, ગુજરાતના દિવ્યાંગજનોની સ્વનિર્ભરતા, સ્વાયતતા, સર્વાંગી વિકાસ અને સમાજમાં યોગ્ય સન્માન માટે આર્થિક સશક્તિકરણ દ્વારા દિવ્યાંગજનોને મુખ્ય પ્રવાહમાં લાવવા બાબતે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને ભારતીય ઉધમિતા સંસ્થા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ભારતીય ઉધમિતા સંસ્થા, ગાંધીનગર ખાતે દિવ્યાંગજનોના સશક્તિકરણ અર્થે કેન્દ્રની સ્થાપના અંગેની વર્ષ- ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબતની રૂ.૬૬૦.૭૭ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૪) પરના પત્રોથી કરવામાં આવેલ નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૪) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ભારતીય ઉધમિતા સંસ્થા, ગાંધીનગર ખાતે ગુજરાતના દિવ્યાંગજનોના સશક્તિકરણ અર્થે કેન્દ્રની સ્થાપના અંગેની વર્ષ- ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબત રૂ.૬૬૦.૭૭ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની નીચેની શરતો/વિગતોને અધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ભારતીય ઉધમિતા સંસ્થા, ગાંધીનગર ખાતે ગુજરાતના દિવ્યાંગજનોના સશક્તિકરણ અર્થે કેન્દ્રની સ્થાપના માટે નીચેના ટેબલ (અ)માં દર્શાવેલ પ્રવૃત્તિઓ માટે તેમજ કુલ- ૧૭ (સત્તર) જગ્યાઓના મેનપાવર અંગે નીચેના ટેબલ (બ) અને (ક)માં દર્શાવ્યા મુજબ મંજુરી આપવામાં આવે છે.

| કેન્દ્રની સ્થાપનાનું અંદાજિત બજેટ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ. | ઇડીઆઇઆઇ સાથે કેન્દ્રની સ્થાપનાનું પાંચ વર્ષનું કુલ અંદાજિત બજેટ રૂ.૨૧૬૪-૦૦ લાખ છે. જેમાં નીચે મુજબની પ્રવૃતિઓને આવરી લેવાયેલ છે. | | | | | | | |
| ક્રમ | પ્રવૃતિ | ૧લું વર્ષ | ૨જું વર્ષ | ૩જું વર્ષ | ૪થું વર્ષ | ૫મું વર્ષ | કુલ (લાખમાં) | યુનિટ દિઠ ખર્ચ |
| ૧. | સંશોધન, સંકલન, પ્રકાશન અને પ્રસાર | | | | | | | |
| | રોજગારી નિર્માણ અર્થે કૌશલ્ય નિર્માણ તાલીમની જરૂરીયાત પર અભ્યાસ | ૧૫.૦૦ | - | - | - | - | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| | દિવ્યાંગજનો માટે યોગ્ય વ્યવસાયિક તકોનો અભ્યાસ | ૫.૦૦ | ૨.૫૦ | ૨.૫૦ | - | - | ૧૦.૦૦ | ૦.૦૫ |
| | નવા તાલીમ અભ્યાસક્રમો વિકસાવવા તથા જરૂરી હસ્તક્ષેપ | ૫.૦૦ | - | - | - | - | ૫.૦૦ | ૫.૦૦ |
| | સંશોધનના તારણોની ચર્ચા વિચારણા અર્થે પરિસંવાદ, વાર્તાલાપ સેમિનારનું આયોજન | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૨. | અસરકારતા આકારણી તથા સરકારી નીતિની માહિતી | | | | | | | |
| | સરકારી નીતિઓની અસરકારતાની આકારણી તથા માહિતી | ૨૦.૦૦ | - | - | - | ૨૦.૦૦ | ૪૦.૦૦ | ૨૦.૦૦ |
| | સરકારી નીતિઓની માહિતીનું સંકલન/ પ્રસાર | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૦ | ૨ |

— 3 —

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | ઓનલાઇન પ્લેટફોર્મ ઉભું કરી, સરકારી નીતિઓની માહિતી અપલોડ કરવી | ૧૫ | ૨ | ૨ | ૨ | ૨ | ૨૩ | - |
| ૪. | કૌશલ્ય નિર્માણ અર્થે ક્ષમતા વિકાસ કાર્યક્રમો અને સમાજોપયોગી કાર્યક્રમોનું આયોજન કરવું | | | | | | | |
| | જીવન નિર્વાહ માટે કૌશલ્ય નિર્માણ તાલીમી કાર્યક્રમ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૫૦૦ | ૨.૫૦ |
| | સમાજપયોગી સેવા પુરી પાડવા સશક્તિકરણ તાલીમી કાર્યક્રમ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૫ | ૦.૨૫ |
| ૫. | સ્વરોજગારી અને ઉદ્યોગસાહસિકતા વિષયે આવક નિર્ધારણ તાલીમી કાર્યક્રમો | | | | | | | |
| | ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમ ૨-અઠવાડીયા | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૧૦૦૦ | ૫.૦૦ |
| | ઉદ્યોગ સાહસિકતા માર્ગદર્શન કાર્યક્રમ ૩-દિવસ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૭૫ | ૧.૫૦ |
| | વ્યવસાયના ખાસ પાંસાઓ. જેમકે બજાર નાણાં, સંચાલન જેવા પર તાલીમ ૩-દિવસ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૭૫ | ૧.૫૦ |
| | ઉદ્યોગ સાહસિકતા જાગૃતતા કાર્યક્રમ ૧-દિવસ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ | ૦.૫૦ |
| | પ્રશિક્ષકો માટે તાલીમી કાર્યક્રમ (નિવાસી) ૫-દિવસ | ૫.૫૦ | - | ૫.૫૦ | - | - | ૧૧ | ૫.૫૦ |
| ૬. | દિવ્યાંગજનોની રોજગારી નિર્માણ માટે કુશળતા વિકાસ કાર્યક્રમ તથા આદ્યોગિક એકમોમાં ઉપયોગી એવું કૌશલ્ય વિકસાવવું | | | | | | | |
| | કૌશલ્ય વિકાસ કાર્યક્રમ જેવા કે, અસરકારક રજુઆત, પ્રશ્નો હલ કરવા, વર્તણુક, વાતચીતની કળા વગેરે-૩ દિવસ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૨૨૫ | ૧.૫૦ |
| | કુલ | ૪૭૭.૫૦ | ૪૧૬.૫૦ | ૪૨૨.૦૦ | ૪૧૪.૦૦ | ૪૩૪.૦૦ | ૨૧૬૪.૦૦ | - |

## બ. સ્થાપના અને આવર્તક ખર્ચ*

કેન્દ્ર EDII માં કાર્યરત થશે. જે જરૂરી માળખાગત સુવિધાઓ પ્રદાન કરશે. પાંચ વર્ષના ગાળા માટે સ્થાપના અને આવર્તક ખર્ચ રૂ.૩૯૦.૬૭ લાખ થવાનો અંદાજ છે. કેન્દ્ર માટે કાર્યરત મેનપાવરના ખર્ચની ગણતરી વધતા જતા મોંઘવારી દરને ધ્યાનમાં રાખી દર વર્ષે ૧૦% વધારો કરવામાં આવશે.

| ક્રમ | વિગત | કામગીરી | પ્રતિ | ૧લું | ૨જું | ૩જું | ૪થું | ૫મું | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કેન્દ્રનો ખર્ચ | સ્થાપના, દેખરેખ તથા સંચાલનની સંપુર્ણ જવાબદારી | ૧.૨૫ લાખ/ પ્રતિ મહિને | ૧૫.૦૦ | ૧૬.૫૦ | ૧૮.૧૫ | ૧૯.૯૭ | ૨૧.૯૬ | ૯૧.૫૮ |

— 4 —

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨. | રિસોર્સ પર્સન-૨ | અભ્યાસક્રમ વિકસાવવા, તાલીમી કાર્યક્રમો ઘડવા, અમલીકરણ, આયોજન | ૦.૭૫ લાખ/ પ્રતિ માસ | ૧૮.૦૦ | ૧૯.૮૦ | ૨૧.૭૮ | ૨૩.૯૬ | ૨૬.૩૫ | ૧૦૯.૮૯ |
| ૩. | પ્રોગ્રામ એસોસીયેસ્ટ-૧ | અભ્યાસ સામગ્રી વિકસાવવી, માર્ગદર્શકોની પેનલ બનાવવી, તાલીમી કાર્યક્રમો યોજવા, આંકડાનું સંપાદન, નીતિઓની જાણકારી મેળવવી, રિપોર્ટ તૈયાર કરવા | ૦.૫૦ લાખ/ પ્રતિ માસ | ૬.૦૦ | ૬.૬૦ | ૭.૨૬ | ૭.૯૯ | ૮.૭૮ | ૩૬.૬૩ |
| ૪. | કોમ્પ્યુટર ઓપરેટર-૨ | ડેટા મેનેજમેન્ટ, ERP અપડેશન, રિપોર્ટ જનરેશન | ૦.૩૫ લાખ/ પ્રતિ માસ | ૮.૪૦ | ૯.૨૪ | ૧૦.૧૬ | ૧૧.૧૮ | ૧૨.૩૦ | ૫૧.૨૮ |
| ૫. | સેક્રેટરી-૨ | ઓફિસ કામકાજમાં સહાય ,રેકોર્ડ કીપીંગ ફાઇલિંગ વગેરે | ૦.૩૫ લાખ/ પ્રતિમાસ | ૮.૪૦ | ૯.૨૪ | ૧૦.૧૬ | ૧૧.૧૮ | ૧૨.૩૦ | ૫૧.૨૮ |
| ૬. | કોમ્પ્યુટર્સ અને ઉપકરણો | કોમ્પ્યુટર્સ, લેપટોપ્સ, પ્રિન્ટર્સ અન્ય ઉપકરણો | - | ૫.૦૦ | - | - | - | - | ૫.૦૦ |
| ૭. | ઓફિસ માળખું/ ઇન્ટરનેટ/ કોમ્યુનિકેશન ટુલ્સ/સ્ટેશનરી | જગ્યા EDII આપશે પરંતુ જાળવણી ખર્ચ માટે ગુજરાત સરકાર પાસે રજુઆત કરવામાં આવશે. | | ૨૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૪૫.૦૦ |
| | | | કુલ | ૮૫.૮૦ | ૬૬.૩૮. | ૭૨.૫૨. | ૭૯.૨૭. | ૮૬.૭૦ | ૩૯૦.૬૭. |

| ક. રાજય કક્ષાએ મોનીટરીંગ સેલની સ્થાપના અને આવર્તક ખર્ચ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજય કક્ષાએ મોનીટરીંગ સેલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને નિયામક સમાજ સુરક્ષા ખાતે કાર્યરત થશે. | | | | | | | | | |
| ક્રમ | વિગત | કામગીરી | પ્રતિ | ૧લું | ૨જું | ૩જું | ૪થું | ૫મું | કુલ |
| ૧. | રિસોર્સ પર્સન જગ્યાની સંખ્યા-૨ એકનો પગાર ૦.૭૫ લાખ/ પ્રતિ માસ | રાજય કક્ષાએ EDII ખાતેના કેન્દ્ર અને વિવિધ વિભાગો સાથેના સંકલનની કામગીરી | ૧.૫૦ લાખ/ પ્રતિ માસ | ૧૮.૦૦ | ૧૯.૮૦ | ૨૧.૭૮ | ૨૩.૯૬ | ૨૬.૩૫ | ૧૦૯.૮૯ |
| ૨. | પ્રોગ્રામ એસોસીયેસ્ટ જગ્યાની સંખ્યા-૨ | આંકડાનું સંપાદન, નીતિઓની જાણકારી મેળવવી, રિપોર્ટ તૈયાર કરવા | ૧.૦૦ લાખ/ પ્રતિ માસ | ૧૨.૦૦ | ૧૩..૨૦ | ૧૪.૫૨ | ૧૫.૯૮ | ૧૭.૫૬ | ૭૩.૨૬ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | એકનો પગાર<br>૦.૫૦ લાખ/<br>પ્રતિ માસ | | | | | | | | |
| ૩. | કોમ્પ્યુટર ઓપરેટર જગ્યાની સંખ્યા-૨<br>એકનો પગાર ૦.૩૫ લાખ/ પ્રતિ માસ | ડેટા મેનેજમેન્ટ, ERP અપડેશન, રિપોર્ટ જનરેશન | ૦.૭૦ લાખ/ પ્રતિ માસ | ૧૬.૮૦ | ૧૮.૨૮ | ૨૦.૩૨ | ૨૨.૩૬ | ૨૪.૬૦ | ૧૦૨.૩૬ |
| ૪. | ટેકનિકલ (કોમ્પ્યુટર) આસીસટન્ટ જગ્યાની સંખ્યા-૨<br>એકનો પગાર ૦.૪૦ લાખ/ પ્રતિ માસ | હાર્ડવેર સોફ્ટવેર અને પોર્ટની ટેકનીકલ કામગીરી અને સહાય | ૦.૮૦ લાખ/ પ્રતિમાસ | ૯.૬૦ | ૧૦.૫૬ | ૧૧.૬૧ | ૧૨.૭૭ | ૧૪.૦૪ | ૫૮.૫૮ |
| ૫. | લીગલ એડવાઇઝર જગ્યાની સંખ્યા-૨<br>એકનો પગાર ૦.૪૦ લાખ/ પ્રતિ માસ | કાયદાકીય સલાહ અને કાયદાનું અર્થઘટન અને કોર્ટ કેસની કામગીરી | ૦.૮૦ લાખ/ પ્રતિમાસ | ૯.૬૦ | ૧૦.૫૬ | ૧૧.૬૧ | ૧૨.૭૭ | ૧૪.૦૪ | ૫૮.૫૮ |
| | | | કુલ | ૬૬.૦૦ | ૭૨.૪૦. | ૭૯.૮૪ | ૮૭.૮૪. | ૯૬.૫૯ | ૪૦૨.૬૭. |

| ડ.કુલ ખર્ચનો અંદાજ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પાંચ વર્ષ માટે વિવિધ પ્રવૃતિઓનું આયોજન તથા સંચાલન માટે કુલ રૂ.૨૯૫૭.૧૪ લાખ. જેટલો અંદાજવામાં આવે છે. | | | | | | |
| વિગત | ૧લું વર્ષ | ૨જું વર્ષ | ૩જું વર્ષ | ૪થું વર્ષ | ૫મું વર્ષ | કુલ (લાખમાં) |
| ખર્ચ 'અ' પ્રમાણે | ૪૭૭.૫૦ | ૪૧૬.૫૦ | ૪૨૨.૦૦ | ૪૧૪.૦૦ | ૪૩૪.૦૦ | ૨૧૬૪.૦૦ |
| ખર્ચ 'બ' પ્રમાણે | ૮૫.૮૦ | ૬૬.૩૮ | ૭૨.૫૨ | ૭૯.૫૨ | ૮૬.૭૦ | ૩૯૦.૬૭ |
| ખર્ચ 'ક' પ્રમાણે | ૬૬.૦૦ | ૭૨.૪૦ | ૭૯.૮૪ | ૮૭.૮૪ | ૯૬.૫૯ | ૪૦૨.૬૭ |
| પેટા સરવાળો | ૬૨૯.૩૦ | ૫૫૫.૨૮ | ૫૭૪.૩૬ | ૫૮૧.૩૬ | ૬૧૭.૨૯ | ૨૯૫૭.૩૪ |
| સંસ્થાકીય ખર્ચ પેટા સરવાળાના ૫% | ૩૧.૪૭ | ૨૭.૭૬ | ૨૮.૭૨ | ૨૯.૦૭ | ૩૦.૮૬ | ૧૪૭.૮૭ |
| કુલ | ૬૬૦.૭૭ | ૫૮૩.૦૪ | ૬૦૩.૦૮ | ૬૧૦.૪૩ | ૬૪૮.૧૫ | ૩૧૦૫.૨૧ |

શરતો:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ સમાજ સુરક્ષા ખાતાની કચેરી અને ભારતીય ઉધમિતા સંસ્થા, ગાંધીનગર વચ્ચે વિગતવાર memorandum of understanding (MOU) તૈયાર કરી રાજ્ય સરકારશ્રીની મંજુરી મેળવ્યા બાદ ખર્ચ કરવાનો રહેશે.

(૨) કેન્દ્ર ભારતીય ઉધમિતા સંસ્થા, ગાંધીનગર ખાતે કાર્યરત્ત થશે અને કેન્દ્રના ઉપયોગ માટેની જગ્યા ફાળવશે અને તે અંગેની નિયમાનુસારની ગ્રાન્ટ સંસ્થાને ફાળવવાની રહેશે.

(૩) કેન્દ્રએ સ્વનિર્ભરતા, સ્વાયત્તા, સર્વાંગી વિકાસ, કૌશલ્ય વર્ધન તાલીમ, તાલીમ સબંધી મટીરીયલ, પ્રચાર-પ્રસાર, સ્વરોજગારી, સંશોધન તથા એક્ટના અમલીકરણ અંગેની માહિતીનું સંકલન અને તેની આનુષંગિક કામગીરી કરવાની રહેશે.

(૪) કેન્દ્રએ દિવ્યાંગજનો માટે રોજગારલક્ષી કુશળતાઓ વિકસાવી અને સમાજ ઉપયોગી ઉદ્યોગો સાથે નેટવર્કીંગ સ્થાપિત કરવાની કામગીરી કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૦૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) નિયામકશ્રી,સમાજ સુરક્ષાએ MOU મુજબ અમલીકરણ કરાવવાનું રહેશે.

(૧૩) આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૨ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૧૦/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patel

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.